જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ભારતીય સંસ્કૃતિનું મૂળ ગાયત્રી મહામંત્ર




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## ભારતીય સંસ્કૃતિનું મૂળ-ગાયત્રી મહામંત્ર

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

તમને હું જણાવી રહ્યો હતો કે આ દુનિયામાં જે સૌથી મોટો દેવતા દેખાય છે, તેનું નામ માતા છે. " માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ" માતાની સરખામણી કોઈની પણ સાથે થઈ શકે તેમ નથી. તે નવ મહિનાના બાળકને પોતાના પેટમાં રાખે છે, પોતાના લોહીથી આપણું પાલન પોષણ કરે છે. જન્મ આપ્યા પછી પોતાના લાલ લોહીને સફેદ દૂધમાં રૂપાંતરિત કરીને આપણને પીવડાવે છે અને આપણા શરીરનું પોષણ કરીને આપણને મોટા કરે છે. માતાનો પ્રેમ લાડ, દૂધ તથા પોષણ જેને મળતું નથી તેઓ અપૂર્ણ રહે છે.

એક બીજી માતા પણ છે, જેના વિશે આપણે કંઈ જાણતા નથી. જેઓ શરીરનું નહિ પણ આત્માનું પોષણ કરે છે. તેનું નામ કામધેનુ છે. તે સ્વર્ગમાં રહે છે, જેનું દૂધ પીને દેવતાઓ દિવ્ય બની જાય છે, સુંદર બની જાય છે, અજર અમર બની જાય છે, બીજાઓની સેવા કરવામાં સમર્થ બને છે. સ્વયં તૃપ્ત રહે છે. સાંભળ્યું છે કે કામધેનું સ્વર્ગમાં રહે છે.

જો કે સ્વર્ગમાં તો હું પણ જોવા ગયો નથી, તેથી તેના વિશે તો તમને કેવી રીતે જણાવી શકું ? પરંતુ એક કામધેનું વિશે હું તમને જણાવવા માગું છું કે જે આ ધરતી પરના લોકોને ફાયદો પહોંચાડી શકે છે. તેનું નામ ગાયત્રી છે. તેનું નામ ઋતુંભરા પ્રજ્ઞા છે, દૂરદર્શિતા, વિવેકશીલતા, વિચારશીલતા પણ છે, જેને આપણે ભારતીય સંસ્કૃતિનો આત્મા કહી શકીએ છીએ.

બીજ ખૂબ નાનું હોય છે, પરંતુ ફળોના, ફૂલોના, બધાના ગુણો તે નાના સરખા બીજમાં સમાયેલા હોય છે. નાના સરખા શુક્રાણુમાં બાપ-દાદાની પેઢીઓના ગુણ સમાયેલા હોય છે. એવી જ રીતે આ સંસારનું જે પણ દિવ્ય જ્ઞાન-વિજ્ઞાન છે, તે આ નાનકડા ગાયત્રી મંત્રની અંદર સમાયેલું છે, ૨૪ અક્ષરોવાળા બીજમાં રહેલું છે. બ્રહ્માજીએ જ્યારે સૃષ્ટિના નિર્માણની યોજના બનાવી ત્યારે તેમણે વિચાર્યું કે જ્ઞાન અને વિજ્ઞાન વગર આ સૃષ્ટિનું નિર્માણ કેવી રીતે થઈ શકે ? તે બંને મેળવવા માટે કમળના ફૂલ પર બેસીને, એવું કહેવાય છે કે તેમણે હજાર વર્ષ સુધી તપ કર્યું. તે એવી કઈ સાધના હતી, જેનાથી તેમને સફળતા અને સામર્થ્ય પ્રાપ્ત થયા હતા ?

મિત્રો ! તે ગાયત્રી મંત્રની સાધના હતી, જેનાથી તેમણે આ બધું પ્રાપ્ત કર્યું હતું. બ્રહ્માજીએ તે ગાયત્રી મંત્રને ચાર ટુકડામાં વહેંચીને ચાર વેદોનું નિર્માણ કરી દીધું.

‘ૐ ભૂર્ભુવઃસ્વઃ’ ની ઋગ્વેદની રચના થઈ

‘તત્સવિતુર્વરેણ્યં’ થી યજુર્વેદની રચના થઈ

‘ભર્ગોદેવસ્ય ધીમહિ’ – થી સામવેદની રચના થઈ

‘ધિયો યો ન : પ્રચોદયાત્’ થી અથર્વવેદની રચના થઈ.

આ વેદો આપણા તમામ ધર્મો અને સંસ્કૃતિનું બીજ છે. આ ચારેચાર વેદમાં વેદમાતા ગાયત્રીનું જ વર્ણન છે. જે ગાયત્રી મંત્રનો અમે પ્રચાર કરીએ છીએ, જેના માટે અમે અમારું જીવન સમર્પિત કરી દીધું, તેમાંથી જ વેદો વિકસ્યા છે. તે ખૂબ શાનદાર બીજમંત્ર છે. બ્રહ્માજીએ તપ કરીને તેના માધ્યમથી સૃષ્ટિ રચી. તેનું વ્યાખ્યાન અને તત્વદર્શન સૌ કોઈને નહિ સમજાય, એમ સમજીને ઋષિઓએ ગાયત્રી મંત્રના ૨૪ અક્ષરો સાથે ભગવાનના ૨૪ અવતારોની સરખામણી કરી. એક એક અવતાર ગાયત્રી મંત્રના એક એક અક્ષરની વ્યાખ્યા છે.

ગાયત્રી મંત્રનું સ્વરૂપ તથા સામર્થ્ય શું છે ? તેનો જીવનમાં કેવી પરિસ્થિતિઓમાં આપણે કેવી રીતે ઉપયોગ કરી શકીએ ? તે વિશે જાણકારી આપવા માટે ઋષિઓએ ૨૪ અવતારોની રચના કરી તથા ૨૪ પુરાણોનું નિર્માણ કર્યું. ભગવાન દત્તાત્રેયના ૨૪ ગુરુઓ હતા. ગાયત્રી મંત્રના ૨૪ અક્ષરોથી જ તેમને જ્ઞાન મળ્યું હતું. મહર્ષિ વાલ્મીકિના 'વાલ્મીકિ રામાયણ' માં ૨૪૦૦૦ શ્લોકો છે, તેમાં પણ તેમણે ગાયત્રી મંત્રના એક એક અક્ષરનો સંપુટ લગાવીને વ્યાખ્યા કરી છે. શ્રીમદ્ ભાગવતમાં પણ આ જ ગાયત્રી મંત્રનો સંપુટ લગાવીને શ્લોકો રચવામાં આવ્યા. 'સત્યં પરમ ધીમહિ' શ્લોકમાં 'ધીમહિ' ની જ વ્યાખ્યા છે. દેવી ભાગવત તો પૂર્ણતઃ ગાયત્રી મંત્રની જ વ્યાખ્યા છે.

ભારતીય સંસ્કૃતિની અંતર્ગત તમને જે કંઈ જોવા મળે છે તે વાસ્તવમાં વિશુદ્ધ રૂપે ગાયત્રી મંત્રનું જ વર્ણન છે. તે ખૂબ જ શાનદાર છે. ઋષિઓએ તેની ઉપયોગિતા-મહત્તા જાણી અને તેમણે સો લોકોને કહ્યું કે તમે બધું જ ભૂલી જજો, પરંતુ આ માતાને ભૂલતા નહિ. આમ, આપણે માતાને કોઈ પણ રીતે ન ભૂલીએ.

માણસનું બીજું એક શરીર છે – 'વિચારણા'. વિચારની ભૂમિકા રૂપે, મગજની ઉપર શિખા રૂપે, અંકુશ રૂપે ગાયત્રી મંત્ર રહેલો છે. દરેક વ્યક્તિ જ્યારે પોતાના મસ્તક પર હાથ ફેરવે છે ત્યારે તેને માતાની યાદ આવી જાય છે. તે ચિદ્રૂપિણી છે. મહામાયા છે. હાથીની ઉપર એક અંકુશ હોય છે, એવી જ રીતે માનવીના મન ઉપર, વિચારણા ઉપર પણ અંકુશ હોવો જોઈએ. આ ગાયત્રી માતા અંકુશ રૂપે આપણા મસ્તક પર રહેલાં છે.

મનુષ્યની ઉપર ઋષિઓએ ગાયત્રી રૂપે શિખાની સ્થાપના કરીને એવું સમજાવ્યું કે તમે હંમેશાં વિચાર કરતી વખતે, બોલતી વખતે ખૂબ જ ધ્યાન રાખજો કે મારી ઉપર એક અંકુશ લાગેલો છે. આપણે મર્યાદાઓનું ઉલ્લંઘન ન કરવું જોઈએ.

..૫..

યજ્ઞોપવીત એ હિન્દુ ધર્મનો મુખ્ય સંસ્કાર છે. મસ્તક પર શિખા તથા ખભા પર જનોઈ – એ બંને ગાયત્રીના પ્રતીકો છે. ગાયત્રીની ત્રણ વ્યાહૃતિઓ એ જનોઈની ત્રણ લટો છે. નવ તાર એ ગાયત્રી મંત્રના નવ શબ્દો છે. તેનો અર્થ છે – સામાજિક કર્તવ્યોનું પાલન કરવું જોઈએ તથા મર્યાદામાં રહેવું જોઈએ. દરેક હિન્દુ માટે આ બે વસ્તુઓ અનિવાર્ય માનવામાં આવી છે. તે શું છે ? તે છે ગાયત્રી મંત્ર. આપણે બે વાર સંધ્યા કરવી જોઈએ. મુસલમાનો પાંચ વખત નમાજ પઢે છે. તમે મન-મરજી પ્રમાણે વર્તી ન શકો. તમારે આ મંત્રનો સવાર-સાંજ અવશ્ય જપ કરવો જોઈએ. તેને ગુરુ મંત્ર કહેવામાં આવ્યો છે. ગુરુમંત્ર એટલે ? શરૂઆતમાં જ્યારે ગુરુ કોઈ બાળકને શિક્ષણ આપતા હતા ત્યારે તેની સાદી સ્લેટમાં આ જ મંત્ર લખીને તેના ઉપર બાળકને હાથથી ઘૂંટવાનું કહેતા હતા, સાથેસાથે તેનું ઉચ્ચારણ પણ કરાવવામાં આવતું હતું. આથી તેને ગુરુમંત્ર કહેવામાં આવ્યો છે.

હિન્દુઓનો ગુરુમંત્ર એક છે, મુસલમાનોનો ગુરુમંત્ર એક છે, જેને કલમા કહે છે. ખ્રિસ્તીઓનો ગુરુમંત્ર એક છે, જેને બપતિસ્મા કહે છે. એ અંધકારમય યુગનું તો શું કહેવું, જેમાં આપણે આર્થિક ક્ષેત્ર, રાજકીય સ્વતંત્રતા, કલા, વૈભવ બધું જ ગુમાવી દીધું ! એટલું જ નહિ, આપણે તો માતાની ઓળખાણ પણ ખોઈ નાંખી. જે બાળકોને માતાની ઓળખાણ હોતી નથી, તે બાળકોની તો દુર્દશા જ થઈ જાય છે. કેવી રીતે આપણી દુર્દશા થઈ ગઈ ? આપણી ખૂબ જ દુર્દશા થઈ ગઈ.

આપણને જેનાથી આત્માનું પરિપોષણ, પ્રેમ મળતો હતો, તે માતાને જ આપણે ભૂલી ગયા. તેને ગ્રહણ કરવાથી જ આપણે દેવતા કહેવાતા હતા. આપણે સમર્થ, પ્રતિભાશાળી હતા તથા વિશ્વમાં અગ્રણી હતા. આપણે સુસંસ્કૃત કહેવાતા હતા અને આખા વિશ્વમાં આપણે સુસંસ્કારો વહેંચતા હતા. અમેરિકાથી માંડીને પેરુ સુધી કોણ જાણે ક્યાં ક્યાં સુધી આપણે સમગ્ર વિશ્વમાં વહેંચતા રહેતા હતા.

અમેરિકા કોલંબસનું, નિગ્રો લોકોનું, આદિવાસીઓ કે રેડ ઈન્ડિયનોનું વસાવેલું નહોતું, પરંતુ ભારતવાસીઓનું વસાવેલું હતું. ત્યાં સૂર્યમંદિર જોવામળે છે, જેનો અર્થ એ છે કે તેઓ ગાયત્રીના ઉપાસકો હતા. ત્યાં ભારતીય કેલેન્ડર એટલું સુંદર જોવા મળે છે કે તેટલું સુંદર તો ભારતમાં પણ જોવા મળતું નથી. આ શું સૂચવે છે ? ત્યાં ભારતીય સભ્યતા હતી.

એવી સંસ્કૃતિ હતી ભારતની, જેનું મૂળ હતું ગાયત્રી મંત્ર, ગાયત્રી માતા, જેને આપણે ભૂલી ગયા છીએ. અંધકારના સમયે શું થાય છે ? ચોરો, લુંટારાઓ, ઘુવડ, સાપ, વીંછી, ચામાચીડિયાં જાગતા હોય છે. બધું જ રાતના સમયે થાય છે. અંધારામાં ઝાડવાં પણ ડરામણાં લાગે છે. રાતના સમયે આપણે રસ્તા પર ચાલીએ છીએ ત્યાં આપણને ઠેસ વાગે છે. આપણે બે હજાર વર્ષ સુધી અંધારામાં ભટકતા રહ્યા તથા આપણે માતાને પણ છોડી દીધી. આ માતાનો ત્યાગ કરવા માટે આપણને કોણે કહ્યું ?

ગાયત્રી મંત્ર જે સૂર્યની જેમ, ધરતી અને હવાની જેમ છે, જેના પર સૌનો અધિકાર છે. પર્વતો સૌના છે, પરંતુ આપણને એવું ઠસાવવામાં આવ્યું કે મનુષ્યો ચાર વર્ણના હોય છે. તેમાંથી એક જ વર્ણનો તેના ઉપર અધિકાર છે. એટલે બાકીનો 3/4 વર્ગ તેનાથી વંચિત રહી ગયો. આ ઉપરાંત એવું પણ કહેવામાં આવ્યું કે મહિલાઓને તેનો અધિકાર નથી. એટલે કે ૧/૮ ભાગના લોકોનો જ ગાયત્રી મંત્ર પર અધિકાર છે. ત્યાર પછી એક બીજા સ્વામીજી આવ્યા. તેમણે કહ્યું કે ગાયત્રી મંત્ર પર બ્રહ્માજીનો શાપ લાગ્યો છે, તેથી કલીયુગમાં તેને જપી શકાય નહિ.

એક બીજા પંડિતજી આવ્યા અને તેમણે કહ્યું કે વિશ્વામિત્ર અને વશિષ્ઠે પણ શાપ આપેલો છે અને ગાયત્રી મંત્રને કીલિત કરી દીધો છે. અમે પૂછયું કે જે બ્રહ્માજીએ એક હજાર વર્ષ સુધી તપ કર્યું હોય તેઓ શાપ કેવી રીતે આપી શકે ?

અમે પૂછયું કે વિશ્વામિત્ર તો એવા ઋષિ છે કે જેમણે ગાયત્રી ઉપર પી.એચ.ડી. કરી છે, તેઓ તેને કેવી રીતે શાપ આપી શકે ? એક પંડિતજી અમારી પાસે આવ્યા. તેમણે કહ્યું કે આ ગાયત્રી મંત્ર તો કાનમાં કહેવાનો મંત્ર છે. અમે કહ્યું કે સારી બાબતો તો ખુલ્લેઆમ કહેવામાં આવે છે. જો કોઈ ચોરી, બેઈમાની, લંપટગીરીની વાત હોય તો કાનમાં કહેવામાં આવે છે. આમ, અંધકાર યુગમાં કોણ જાણે કેવું કેવું થતું રહ્યું ! ચાલાક સાધુઓ પોતપોતાના નામના સંપ્રદાયો, પંથો બનાવતા ગયા. આવી રીતે લોકો ભ્રમિત થતા ગયા અને આવી રીતે ભારતીય સંસ્કૃતિનું મૂળ જ નષ્ટ થતું ગયું, છિન્નભિન્ન થઈ ગયું. દરેક ઠેકાણે ભાગલાવાદની સ્થિતિ, વિઘટનની સ્થિતિ પેદા થઈ ગઈ.

આજે ખ્રિસ્તીઓ, મુસલમાનો, શીખોમાં એકરૂપતા હજુ પણ જોવા મળે છે, પરંતુ લોકોએ હિન્દુ સમાજને ટુકડેટુકડા કરી દીધો, એટલું જ નહિ. ભારતીય પરંપરાને સાવ વેરવિખેર કરી દીધી. અત્યારે બધું જ સાવ ખિરાઈ ગયું છે, પરંતુ હવે અંધકાર દૂર થવા જઈ રહ્યો છે. સૂર્યનો ઉદય થઈ રહ્યો છે. સૂર્ય ઊગવાના સમયે પક્ષીઓ કલરવ કરવા લાગે છે, મોર નાચવા લાગે છે, કમળના ફૂલો ખીલવા લાગે છે, ફૂલોમાં એક પ્રકારની ખુશી જોવા મળે છે. ઠંડી હવા વહેવા લાગે છે. દરેક માણસમાં એક જાતનો જોશ જોવા મળે છે. રાતની ઊંઘ ઊડી જાય છે. ચોરો, સાપ, વીંછી, ચામાચીડિયાં ભાગી જાય છે. અમને વિશ્વાસ છે કે હવે આપણા દેશનો, ભાગ્યનો, સંસ્કૃતિનો પુનઃસૂર્યોદય થવાનો છે. ગાયત્રી મંત્રને ફરીથી ઘેરઘેર પહોંચાડવાનું સંભવ થઈ શકશે. જે આપણી કરોડરજ્જુ હતી તેને ફરીથી જોડી દેવાનું કામ થવાનું છે.

દિલ્હીમાં એક વાર મહાત્મા ગાંધીએ જામિયા મિલિયા યુનિવર્સિટીમાં અડધો કલાક ભાષણ આપ્યું. તેમાં તેમણે માત્ર ગાયત્રી મંત્ર પર જ વ્યાખ્યાન આપ્યું. તેના સમાપનમાં તો બધા જ મુસલમાનો ગાંધીજી પર નારાજ થઈ ગયા હતા એવું કહેવા લાગ્યા કે આ તો હિંદુઓનો મંત્ર છે. અહીં તો તમારે બીજી વાતો કહેવાની હતી.

..૮..

ગાંધીજીએ કહ્યું કે આ હિન્દુઓનો નહિ, પરંતુ સમગ્ર વિશ્વ માનવનો મંત્ર છે. આ તો ઋતંભરા પ્રજ્ઞા, દૂરદર્શિતા, વિવેકશીલતાનો મંત્ર છે. આ તો અંદર સૂતેલી માનવતાનો જગાડવાનો મંત્ર છે. અમે પણ એવું જ માનીએ છીએ. અમને એવું લાગે છે કે આપણી ખોવાયેલી સંસ્કૃતિને ફરીથી પાછી મેળવી લીધી છે. એવું લાગે છે કે સાપનો જે મણિ ખોવાઈ ગયો હતો, તે પાછો મળી ગયો છે.

અમે સાંભળ્યું છે કે કઈ હાથીના મસ્તકમાં ગજમુક્તા હોય છે. જ્યારે તે હાથીના માથા પર હોય છે ત્યારે તે મસ્ત રહે છે, પરંતુ જેવો તે ખોવાઈ જાય છે અથવા તો ચાલ્યો જાય છે ત્યારે હાથી ગાંડા જેવો થઈ જાય છે. હાથીની વાત, સાપની વાત તો હું કહી શકતો નથી, પરંતુ મનુષ્યની, ભારતીય સંસ્કૃતિની વાત કહી શકું છું, જેની અંદર કામધેનુ જેવી શક્તિ હતી. તેને ભુલાવી દેવામાં આવી અને આજે સાપ તથા હાથીની જેમ આપણે મણિહીન તથા દુર્બળ અને દીનહીન બની ગયા. અમે ફરીથી તે પ્રાતઃકાલીન સૂર્યને નમસ્કાર કરીએ છીએ, જે આપણી અસલ ચીજોને દર્શાવે છે. અમે આપણી સંસ્કૃતિના સ્વરૂપને ફરીથી સમજવાનો પ્રયાસ કર્યો છે.

ગાયત્રી મંત્ર એક ફિલસૂફી છે. તેને આપણે જીવન જીવવાની કળા કહી શકીએ છીએ. તે વિચારવાની એક પદ્ધતિ છે. જીવન જીવવાની એક પદ્ધતિ છે, સમાજના સંગઠનની એક રીતે છે, વિશ્વ શાંતિનો એક મૂળ મંત્ર છે. જો આપણે તેને અપનાવીને ચાલીશું તો આપણે એક સારી દુનિયાની કલ્પના કરી શકીએ છીએ. આપણને ફરીથી સારી દુનિયા જોવા ળમી શકશે, જેવી પ્રાચીનકાળમાં જોવા મળતી હતી. ગાયત્રી એક દિવ્ય જ્ઞાન છે. તેને દેવમાતા કહે છે. તેની ઉપાસનાથી મનુષ્ય દેવતા બની જાય છે. તેને વિશ્વમાતા પણ કહે છે. મિત્રો ! અમે ગાયત્રીની ફિલસૂફીની વ્યાખ્યા કરી રહ્યા છીએ, જેને તમારે જાણવી જોઈએ. જો આપણે તેને સમજી લઈશું અને તે રસ્તે ચાલવાનો પ્રયાસ કરીશું તો આપણું જીવન ધન્ય બની શકે છે.

..૯..

મિત્રો ! એક બીજી વસ્તુ તમને કહેવા માગું છું, જે ગાયત્રીની ફિલસૂફી નથી, પણ ગાયત્રીનું સાયન્સ છે. આપણી અંદર એવી એવી શક્તિઓ ભરેલી પડી છે, જો તેને આપણે જગાવી શકીએ તો બધી જ મહત્વપૂર્ણ વસ્તુઓ આપણે મેળવી શકીએ છીએ. જો તેમાંની એકાદને પણ જગાવી શકીએ તો સામાન્ય માણસ પણ દેવતા બની શકે છે. માણસો જ ભગવાન, દેવતા બનતા હોય છે. ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રીરામચંદ્રજી માનવ રૂપે જ પેદા થયા હતા અને ભગવાન બની ગયા હતા. માનવી તેને જ કહે છે, જે જન્મ લે છે અને મૃત્યુ પામે છે. શ્રીરામચંદ્રજી રામનવમીના દિવસે જન્મ્યા હતા અને મૃત્યુ પામ્યા હતા. શ્રીકૃષ્ણ ભગવાન જન્માષ્ટમીના રોજ જન્મ્યા હતા અને પછી મૃત્યુ પામ્યા હતા. તેઓ માનવમાંથી દેવતા અને ભગવાન બન્યા. જો પોતાની સૂતેલી શક્તિને તમે જગાડી લો તો તમે પણ બની શકો છો.

માનવીની અંદર એવી એવી શક્તિઓ ભરેલી છે, જો તેને તમે જગાવી શકો તો તમે ઋષિ બની શકો છો, મહામાનવ બની શકો છો. જયોર્જ વોશિંગ્ટન બની શકો છો, ગાંધી બની શકો છો, નેપોલિયન, વિવેકાનંદ બની શકો છો. ગાયત્રી મંત્રની આવી મહાનતાના કારણે અમે ગાયત્રી ઉપાસના દ્વારા ગાયત્રીની ફિલોસોફીને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. આ ગાયત્રીનું વિજ્ઞાન છે. અમે અમારા જીવનમાં ગાયત્રીની ફિલોસોફી તથા ગાયત્રીનું વિજ્ઞાન બંનેને સમજાવવાનો પ્રયાસ કર્યો છે અને તેમાં મહદંશે સફળતા પણ મળી છે. ત્યાર પછી જ તમારી સમક્ષ ઉપસ્થિત થયા છીએ, જેથી તમને લોકોને પણ તેની ફિલોસોફી તથા સાયન્સ સમજાવી શકીએ. જો તમે આ રસ્તા પર ચાલશો તો તમારું ભૌતિક તેમ જ આધ્યાત્મિક જીવન બંનેને ખૂબ શાનદાર બનાવી શકશો. આપણા માટે આ બંને જીવન ખૂબ જ જરૂરી છે. આધ્યાત્મિક જીવન આપણો પ્રાણ છે તથા ભૌતિક જીવન આપણું શરીર છે. આ બંનેનું મહત્વ છે. જો બંને અલગ થઈ જશે તો આપણે મૃત બની જઈશું. આથી આપણે આ બંનેને ભેગાં કરીને ચાલવું પડશે. ગાયત્રી મંત્ર એક એવો મહામંત્ર છે કે જે મનુષ્યની બંને રીતે પ્રગતિ કરાવી શકવામાં સમર્થ છે. હું ઇચ્છું છું કે તમને પણ ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ કરવાની તક મળી જાય !

..૧૦..

સાથીઓ ! ગાયત્રી મંત્ર વિશે મેં ઘણું બધું જણાવ્યું છે. ગાયત્રી મંત્રની ઉપાસના, અનુષ્ઠાન બધી જ વાતો જણાવી દીધી છે. આમ અમે સૌને બધું જ જણાવી દીધું છે, પરંતુ જે મહત્વપૂર્ણ બાબત અત્યાર સુધી તમને જણાવી શકયો નથી, તે છે ગાયત્રી માતાની વિશેષતા. તે વિશેષતા કઈ છે ? બાળકોને કીમતી વસ્તુઓ માતા આપણી નથી, કારણ કે તેનામાં પાત્રતા હોતી નથી. જો આ વસ્તુ તમને મળી જાય તો તેને તમે શું કરશો ? મને તેનો જવાબ આપો. દેવતાઓના વરદાન ભોગવિલાસ, મોજમજા કરવા માટે હોતા નથી. નશાખોરી માટે હોતા નથી. એ તો કોઈ ખાસ કામ માટે જ મળે છે.

જો તમારે દેવતાઓ પાસેથી વરદાન મેળવવા હોય તો તમે તેમની બિરાદરીના બની જાઓ. અધ્યાત્મના માર્ગે ચાલવા માગો છો, દેવતાઓ પાસેથી બધું પ્રાપ્ત કરવા માગો છો, તો તમારે મેચ્યોર બનવું પડશે. તેના સિવાય કામ નહિ ચાલે. મેચ્યોર કોને કહેવાય ? જે પોતાની જવાબદારીને સમજે છે. તમે તમારી જવાબદારીને સમજો છો કે નહિ ? જો તમે તમારી જવાબદારીને સમજતા હો તો તમારે ચરિત્રવાન બનવું પડશે, ચિંતનશીલ બનવું પડશે, ત્યારે તમે મેચ્યોર કહેવાશો.

તમે જે દિવસે તમારી જવાબદારી સમજવા લાગશો ત્યારે તમે મેચ્યોર બની જશો, એટલે કે આ એક માનવીય જવાબદારી હશે. તમારી સાથે માનવતાની કેટલીક ફરજો જોડાયેલી છે. આથી તમારે એક સારા નાગરિક બનવું પડશે. તમારે ચિંતનશીલ બનવું પડશે. તમારે પોતાની ફરજો અને કર્તવ્યો સાથે જોડાયેલા રહેવું પડશે. તમે જ્યારે સજ્જન, શરીફ બનશો ત્યારે જ તમે આધ્યાત્મવાદી બની શકશો. જેઓ સિનેમા જુએ છે, દારૂ પીએ છે તથા પૈસા આડેધડ ખર્ચે છે તેઓ અપરિપકવ છે. જેઓ પોતાની જવાબદારી સમજે છે તથા ખોટા ખર્ચા કરતા નથી તેઓ મેચ્યોર છે.